Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પાનાચંદ દગજલાલ

પરીખ પાનાચંદ ગજલાલ ઉત્તમચંદ


પુસ્તક ૪૮ મુ. આત્મ સંવત ૨૦૦૭.

સં. ૫૫

અંક ૧૦ મો. તા. ૧૫-૫-૫૧ વૈશાખ.



વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક -

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | પવિત્ર શ્રી શત્રુંજય તીર્થદર્શન હકીકત સાથે ... | ( આત્મ-વલ્લભ ) | ૧૬૩ |
| ૨ | શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન ... ... | ( લે. આ૦ કસ્તુરસૂરિ મ૦ ) | ૧૬૪ |
| ૩ | સુબોધમાળા ... ... ... ... ... | ( લે. આ૦ કસ્તુરસૂરિ મ૦ ) | ૧૬૫ |
| ૪ | દંડગની પૂર્તિ ... ... ... .. | ( પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડીયા ) | ૧૬૮ |
| ૫ | સિદ્ધાર્થનંદ કહોને ... ... ... ... | ( ઝવેરી મૂળચંદ આશારામ ) | ૧૬૯ |
| ૬ | જેસલમેર સાહિત્ય યાત્રા સંબંધી ... ... | ( મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ ) | ૧૭૦ |
| ૭ | શ્રી દેવચંદજીકૃત શ્રી સ્વયંપ્રભજિન સ્તવન... ... | ( ડૉકટર વલ્લભદાસ નેણશીભાઈ ) | ૧૭૨ |
| ૮ | વર્તમાન સમાચાર ... ... ... ... | ( સભા ) | ૧૭૬ થી ૧૮૦ |


## આ માસમાં થયેલ માનવંતા લાઈફ મેમ્બરો.

૧ ઝવેરી કાન્તિલાલ ચુનીલાલ

૨ ઝવેરી અનીલકુમાર જયંતિલાલ

૩ શ્રી શાંતિલાલ મગનલાલ શાહ

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-
## શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઈઝમાં છપાઈ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઈને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું.

**પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

---

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) થોડા દિવસમાં છપાઈ જશે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, સુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઈન્ડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધારજ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઈ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઈ પુણ્યપ્રભાવક જૈન બધુઓની આર્થિક સહાયતની જરૂર છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૭. | વૈશાખ. | પુસ્તક ૪૮ મું. |
| વિક્રમ સં. ૨૦૦૭. | :: તા. ૧૫ મી મે ૧૯૫૧ :: | અંક ૧૦ મો. |

## શ્રી શંખેશ્વરપાર્શ્વ જિનસ્તવન.

મેરે મૌલા બુલાલે—ચાલ

પ્રભુ તું છે આનંદનો વ્હેતો ઝરો;
સ્વામી પાસ સંખેશ્વર નામ ધરો.
જ્ઞાતા છો લોકાલોકના, ક્ષણુ એક પણુ અંતર પ્રભુ,
પડતું નથી તેથી સદા, માને મુનિ તમને વિભુ,
તું છે ઘટ ઘટમાં નિજ રૂપે ખરો. સ્વામી૦ ૧

જ્ઞાન દર્શન ચરણુ સમ્યગ્, મુક્તિપથ કહેવાય છે,
રત્નત્રયી એ આપને, મુજ રૂપમાંહિ સમાય છે;
વ્યક્તાવ્યક્તનું અંતર આપ હરો. સ્વામી૦ ૨

ઉપયોગમાં છે તું સદા, વ્યવહારથી હું વેગળો,
ભાંગે સહુએ ભેદ જો, મુજમાં પ્રભુ આવી મળો;
ઘાતી કર્મનો ઘેરો દૂર કરો. સ્વામી૦ ૩

વિજ્ઞાન ઘન તુજ આત્મમાં, દ્રવ્યાદિ સહુ વ્યાપી રહ્યાં,
શુદ્ધ આત્મભાવે તેં પ્રભુ, સંસારવાસીને કહ્યાં;
મારી વ્યાપક શક્તિના વિઘ્નો હરો. સ્વામી૦ ૪

વિશ્વવલ્લભ આત્મજ્યોતિ, તમ હરી પ્રગટાવશો,
કસ્તૂર આત્મ સ્વરૂપનો, સહુ ભેદભાવ હટાવશો;
મારા જીવનમાં દિનરાત ફરો. સ્વામી૦ ૫

સહસાત યુગ્મ સહસ્ર સંવત્, શ્વેત ફાલ્ગુન છઠ ભલી,
મુનિ તેર સહ વલ્લભ પ્રભુ, વંદન કર્યું શાંતિ મળી;
મારા આનંદમાં નિજ શક્તિ ભરો. સ્વામી૦ ૬

—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થદર્શન" અને તેની સંક્ષિપ્ત હકીકત.

જૈનધર્મના અષ્ટાપદજી, સમેત્તશિખરજી, પાવાપુરીજી, ચંપાપુરીજી, આબૂજી વગેરે તીર્થો કરતાં **શ્રી શત્રુંજય તીર્થની** અતિ પ્રાચીનતા (શાશ્વતપણું) અને તેના અપૂર્વ પ્રભાવે મનુષ્યોના હૃદયમાં ભક્તિ માટે ઘણી જ ઉંડી છાપ પડેલ હોવાથી, સર્વ કાળે અને સર્વ તીર્થોમાં તેની પ્રધાન તીર્થ તરીકે ગણના થયેલ છે. વર્તમાન ઉદ્ધાર પછી શ્રી હીરવિજયસૂરીશ્વરજીના અપૂર્વ સામર્થ્યથી આ તીર્થની ઉન્નતિની ગતિમાં વિશેષ વેગ આવતાં આ જગતમાં પવિત્ર મંદિરોનું તે એક અનુપમ શહેર કહેવાય છે.

બીજા બધાં તીર્થો કરતાં આ સિદ્ધાચલ તીર્થમાં અનેક મહાન પુરુષો–મુનિવરો મુક્તિ પામ્યા છે, અને તેમના ચરણ, શરીર, લેશ્યા, મનોવર્ગણા વગેરેના શુભ પુદ્‌ગલ સ્કંધો ત્યાં ભરેલાં છે કે જે પવિત્ર શુદ્ધ વર્ગણાઓ ત્યાં જતાં શ્રદ્ધાળુ અંતઃકરણવાળા આત્માને સારી રીતે અસર કરે છે, તેટલું જ નહિ પરંતુ તે મહાત્માઓના નામનું ત્યાં સ્મરણ થવાથી તેઓના ચરિત્રોની અસર યાત્રાળુઓના મનમાં વીજળીની પેઠે થાય છે.

મહાન પુરૂષોના રોમેરોમમાં ઉચ્ચતા, પવિત્રતા, શ્રેષ્ઠતા ભરી હોય છે અને તેઓના પ્રત્યેક શ્વાસોશ્વાસમાં અને શરીરના સર્વે રોમરાયમાંથી નીકળતા પરમાણુઓમાં અલૌકિક અક્ષય કરનાર ઉચ્ચ શક્તિઓ રહેલી હોય છે. તેઓશ્રી જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં દશે દિશામાં એ સદ્‌ગુણોનું બળવાન વાતાવરણ રચાય છે અને તેવા વાતાવરણમાં જનાર મનુષ્ય ઉપર તેની ચમત્કારિક અસર થાય છે. જે હાલના વિજ્ઞાનીઓ અને જૈન શાસ્ત્રોએ તે સચોટ જણાવેલ છે. તીર્થાધિરાજશ્રી શત્રુંજય તીર્થ એ આવા અનંત મહાત્માઓની સ્પર્શ કરેલી અનુપમ પરમ પવિત્ર ભૂમિ છે, કે જેના દર્શન, સ્પર્શનને ઇન્દ્રાદિક દેવો, દાનવો વગેરે અહોનિશ ઇચ્છે છે.

આ પવિત્ર તીર્થ ઉપર અતીત કાળમાં ઋષભસેન પ્રમુખ અસંખ્ય તીર્થંકરો સમવસરી અનેક જીવોનો ઉદ્ધાર કરી મોક્ષે ગયા છે. વર્તમાનકાળના શ્રી નેમનાથ પ્રભુ સિવાય તેવીશ તીર્થંકર ભગવંતો અહિં સમવસર્યા છે, અને ભાવિ કાળમાં પદ્મનાભાદિ તીર્થંકરો અહિં સમવસરશે અને અનેક પ્રાણીઓનો ઉદ્ધાર કરશે.

આવા પવિત્ર શ્રી શત્રુંજય તીર્થના પંદર ઉદ્ધાર આ ચોવીશીમાં પૂરે થઇ ગયા છે. અપરિમિત પુણ્યરાશીવાળા ભાગ્યશાળી નરરત્નો જ તે કરી શકે છે. તેવું ઉત્તમ ભાગ્ય વર્તમાન સોળમા ઉદ્ધારક શ્રી કર્માશાહ શેઠને પ્રાપ્ત થયું હતું. શેઠ કર્માશાહની વિનંતિથી શ્રી વિદ્યામંડનસૂરિજી ત્યાં તે વખતે પધારેલા. સર્વ ગચ્છોના સૂરિવરોની સમ્મતિ લઇ શ્રી શત્રુંજય તીર્થપતિ શ્રી આદિનાથ ભગવાનની સંવત ૧૫૮૭ ના વૈશાક વદી ૬ રવિવાર શ્રવણ નક્ષત્રના દિવસે મંગળકારી પ્રતિષ્ઠા કરી જે હાલમાં આ વર્તમાન શાસન જયવંતું વર્તે છે. છેલ્લો ઉદ્ધાર શ્રી દુપ્પસહસૂરિના ઉપદેશથી **વિમલવાહન** રાજા કરશે.

આવા પરમ પવિત્ર શ્રી શત્રુંજયગિરિ તીર્થના આ સોલમા ઉદ્ધારનો પ્રતિષ્ઠાનો માંગલિક દિવસ (વર્ષગાંઠ) આ ચાલતા વૈશાક માસની વદી ૬ના શનિવારના માંગલ્ય દિવસે આવે છે, જેથી આ વૈશાક માસના આ આત્માનંદ પ્રકાશ માસિકમાં નિરંતર દર્શન, સ્મરણ, ધ્યાન વગેરે કરવા માટે શ્રી શત્રુંજયનો ત્રિરંગી ફોટો અને તે તીર્થની સંક્ષિપ્ત હકીકત સાથે આપી છે.

**ધન્યવાદ**


મુનિરાજશ્રી ભુવનવિજયજી મ૦ તથા મુનિ, શ્રી. જમ્બુવિજયજી મહારાજોના સદુપદેશથી શ્રી શત્રુંજય તીર્થના આ ફોટાનો ખર્ચ શાહ ભુખણદાસ હોત્રચંદે આપ્યો છે, જેથી તેમને ધન્યવાદ આપવામાં આવે છે. (આત્મ વલ્લભ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra
www.kobatirth.org
Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાલાપુર(હાલ આકોલા)નિવાસી શાહ ભુખણદાસ હોલચંદનાં અ. સૌ. ધર્મપત્ની ગુણવંતીબહેન તરફથી

**શ્રી સંઘને દર્શનાર્થે ભેટ**



શ્રી શત્રુંજય મહાતીર્થ (ગિરિરાજ)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

KUMAR PRINTERY, AHMEDABAD

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુબોધમાળા

( લેખકઃ-આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ )

૧ જેનાથી હિત માંગીએ તે મંગળ, અથવા તો અનાદિ કાળથી સંસારમાં ભ્રમણ કરતા સકર્મક જીવને કર્મથી છોડાવે તે મંગળ.

૨ હિત બે પ્રકારનું છે. ઐહિક ( આ લોક સંબંધી ) અને આમુષ્મિક ( પરલોક સંબંધી ), ઐહિક દેહને આશ્રયીને છે અને આમુષ્મિક આત્માને ઉદ્દેશીને હોય છે.

૩ ધર્મ કરવાથી આત્મિક તથા પૌદ્ગલિક બંને પ્રકારના સુખ મળી શકે છે. આત્મદૃષ્ટિવાળાને આત્મિક અને પૌદ્ગલિક દૃષ્ટિવાળાને પૌદ્ગલિક સુખ મળે છે.

૪ પુદ્ગલાનંદી-જડાસક્ત જીવો પાંચે ઇંદ્રિયોના અનુકૂળ વિષયો મળવાથી સુખ માને છે અને વિષયોની પ્રતિકૂળતામાં દુઃખ માને છે, અર્થાત્ ઇંદ્રિયોને અનુકૂળ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને શબ્દના સંયોગથી સુખ અને પ્રતિકૂળ સંયોગથી દુઃખ માને છે; પણ તે સુખ-દુઃખ તાત્વિક નથી અને તેથી કરીને જ આત્માનંદી જીવો પોતાના સુખસ્વરૂપમાં મગ્ન હોવાથી તેમને જડાત્મક વસ્તુ માત્રની જરૂરત હોતી નથી.

૫ અનાદિ કાળના મોહનીયના સંયોગને લઇને આત્મા કર્મના વિકારોને પોતાના માને છે; પણ તાત્વિક દૃષ્ટિથી જોતાં ચેતન વિકૃત સ્વભાવવાળું ન હોવાથી જડના વિકારો આત્માના હોઇ શકતા જ નથી.

૬ દીવા ઉપર કુંડું ઊંધું વાળવું હોય તો દીવાનો પ્રકાશ દીવામાં જ રહે છે પણ બહારની વસ્તુઓને પ્રકાશિત કરી શકતો નથી, તેમ ઘાતી કર્મ-રૂપ કુંડા નીચે ઢંકાયલો આત્માનો પ્રકાશ બહારની વસ્તુઓના સ્વરૂપને પ્રકાશિત કરતો નથી. તે ઘાતી કર્મનો ક્ષય થયા પછી વસ્તુ માત્રના સ્વરૂપનો બોધ કરાવે છે.

૭ અનુકૂળ વિષયોના સંયોગથી હર્ષ તથા આનંદ આવે છે અને તે પ્રતિકૂળ સંયોગથી નષ્ટ થાય છે અર્થાત્ શોક તથા ઉદ્વેગના રૂપમાં પરિણત થાય છે માટે જ તે આનંદ કે હર્ષ તાત્વિક નથી પણ મોહનીય કર્મનો વિકાર છે.

૮ જે અછતું થાય છે અને જાય છે તે સ્વભાવ નથી પણ વિભાવ છે. અને જે વિભાવ છે તે વિકૃત સ્વરૂપ હોવાથી અતાત્વિક છે.

૯ પ્રકૃતિમાં વિકૃતિ જણાય ખરી પણ પ્રકૃતિ, વિકૃતિ સ્વરૂપ થાય નહિ; કારણ કે પ્રકૃતિ સ્વભાવ છે પણ વિભાવ નથી. વિકૃતિ વિભાવ છે તેથી તે વિનાશી છે અને પ્રકૃતિ અવિનાશી છે.

૧૦ મહાન રોગને લઇને સારામાં સારા પૌષ્ટિક ખોરાક ઉપર અભાવ થાય છે તેમ મોહ રોગથી ઘેરાયલા જીવને મહાપુરુષોના વચનો અને તેમના વર્તન ઉપર અભાવ થાય છે.

૧૧ સૂર્ય આડું વાદળ આવી જાય છે ત્યારે સૂર્યમાં અંધારું દેખાય છે પણ સૂર્યનું તેજ જરા પણ ઓછું થતું નથી, વાદળાં ખસી ગયા પછી સૂર્ય હતો તેવો પ્રકાશિત થાય છે, તેવી જ રીતે આત્મા ઉપર કર્મનું આવરણ આવી જવાથી વસ્તુની અણજાણતાનું તમ દેખાય છે તે કર્મના વિયોગથી ખસી ગયા પછી ચરાચર જગતનું સંપૂર્ણ જ્ઞાતાપણું પ્રગટ થાય છે.

૧૨ આત્મા કર્તા કહેવાય છે તે ઉપચારથી કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકાય. તાત્વિક દૃષ્ટિથી તો આત્મા જ્ઞાતા તથા દ્રષ્ટા સ્વરૂપ છે.

૧૩ જેનો મળવા વિછડવાનો સ્વભાવ નથી એવા અખંડ પદાર્થોમાં ગમનાદિ ક્રિયા હોતી નથી.

૧૪ ભૂતકાળમાં વીતેલી અવસ્થાઓ વર્તનારૂપે ફરી આવે નહિં; પણ જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે સંપૂર્ણ ઉપયોગસ્વરૂપ પ્રગટ થતાં ત્રણે કાળની અવસ્થાઓ સમય માત્રમાં ઉપયોગરૂપે આવી શકે છે.

૧૫ પર્યાય( અવસ્થાઓ )ને માનવાવાળો વસ્તુ માત્રને વિનાશી માને છે ત્યારે દ્રવ્યને માનવાવાળો વસ્તુ માત્રને અવિનાશી માને છે.

૧૬ આત્મા સ્વરૂપે અવિનાશી છે અને જડ વિનાશી છે.

૧૭ હર્ષ તથા આનંદ જે આવ્યો કહેવાય છે તે મોહનીય કર્મનો વિકાર છે અને તે હૃદયમાં ઉભરાતો અનુભવાય છે. પરિણામે તે શોક તથા ઉદ્વેગના રૂપમાં ફેરવાઈ જાય છે.

૧૮ ચેતન સિવાયની જડાત્મક વસ્તુઓ વિકૃતિસ્વરૂપ છે.

૧૯ પાણીની પ્રકૃતિ શીતળ છે પણ અગ્નિના સંયોગથી તેમાં ઉષ્ણતા જણાય છે તે વિકૃતિ છે, જ્યારે પાણીથી અગ્નિનો વિયોગ થાય છે ત્યારે પાણીની પ્રકૃતિ સ્વરૂપ શીતળતા પ્રગટ થાય છે.

૨૦ જડ વસ્તુઓના સ્કંધોમાં ફેરફાર થાય છે, પણ આત્માના અસંખ્ય પ્રદેશોમાં કોઇ કાળે ફેરફાર થતો નથી. કોઇ પણ પ્રદેશમાં રહેલા જ્ઞાનનો અંશ પણ નષ્ટ થતો નથી, તેથી આત્મા અવિકૃત સ્વરૂપવાળો હોવાથી ત્રણે કાળમાં અવિનાશી છે.

૨૧ અજ્ઞાનતાને લઇને કર્મના દબાણથી કોઇ ગમે તેમ માને પણ અનાદિ કાળથી જે વસ્તુનો સ્વભાવ છે તે બદલાતો નથી. ભલે કોઇ સાકરને કડવી માને તેથી તે કડવી થાય નહિં.

૨૨ ભિન્ન ધર્મવાળી વસ્તુ ભેળી ભળવાથી વિભાવ થાય છે તેથી વસ્તુનો સ્વભાવ નાશ પામતો નથી.

૨૩ આત્માની સાથે અનાદિ કાળથી કર્મ વળગેલાં છે છતાં તે જડ સ્વરૂપ બનીને ચેતન સ્વભાવ છોડતો નથી.

૨૩ આરિસો ચોકખો હોય તેમાં ગમે તેટલાં પ્રતિબિંબ પડે તો પણ આરિસો પ્રતિબિંબસ્વરૂપ બનતો નથી.

૨૪ આત્મા ઉપર કર્મની ફિલ્મ હોય ત્યાં સુધી અનેક પ્રકારની અવસ્થાઓ બદલાય છે, પણ તે માત્ર કર્મનો વિકાર છે.

૨૫ જગતમાં જેટલી પ્રવૃત્તિ થાય છે તેમાં સૂર્ય સાક્ષીભૂત છે; પણ કર્તા નથી તેમ આત્મા દષ્ટા છે પણ કર્તા નથી.

૨૬ સમ્યગ્ જ્ઞાન વિનાની બધીય પ્રવૃત્તિ સંસાર વધારનારી છે.

૨૭ અનાદિના અભ્યાસને લઇને કષાય થયા વિના રહેતો નથી તોયે બને તેટલો ઉપશમાવવાથી આત્મશ્રેય થાય છે.

૨૮ અનાદિ કાળથી જડાત્મક તન-ધનાદિના માનને માટે ટેવાઇ ગયેલો જીવ માનનો આદર કરવાથી પોતાનું સર્વસ્વ ખોઇ બેસે છે.

૨૯ જાણવા છતાં પણ અછતા ગુણોની પ્રશંસાથી ફૂલાઈ જનાર અજ્ઞાની-મૂર્ખ હોય છે.

૩૦ આત્મ સન્માન હોય તેને બાહ્ય સન્માનની રુચિ થતી નથી.

૩૧ સ્વભાવ અને ધર્મ કોઇને આપ્યા અપાતા નથી.

૩૨ આત્માને ઓળખવો સહેલ નથી, જડાસક્ત માનવી આત્માને બદલે અનાત્મ( જડ )ની જ ઉપાસના કરનારો હોય છે.

૩૩ જેમ શારીરિક તથા માનસિક સુખોને ઢાંકનાર દ્રવ્યરોગ અનેક પ્રકારના હોય છે તેને મટાડવાને ઔષધો પણ અનેક પ્રકારના હોય છે, તેમ આત્માના અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-જીવન-સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ ગુણોને ઢાંકનાર કર્મો ભાવરોગ કહેવાય છે અને તે અનેક પ્રકારના હોવાથી તેને મટાડવાના ક્ષમા–નમ્રતા–સરળતા–નિર્લોભિતા આદિ ઔષધો પણ અનેક પ્રકારના છે.

૩૪ અસત્યનો ઉપયોગ કર્યા સિવાય માયા થાય નહિં.

૩૫ સત્યની સાથે સરળતા રહી શકે છે; પણ અસત્યની સાથે તેનો મેળ નથી.

૩૬ જડાત્મક સુખ મેળવવાની ઇચ્છાવાળાને માયા કરવી જ પડે છે.

૩૭ જ્યાં સુધી જડાસક્તિ હોય ત્યાં સુધી આત્મા ઓળખી શકાય નહિં.

૩૮ જે પ્રવૃત્તિથી કષાય ટળે તે ધર્મ અને જેનાથી કષાય વધે તે અધર્મ.

૩૯ પુન્યબળથી ગમે તેવા વિષમસંયોગોમાં પણ રક્ષણ મળી રહે છે.

૪૦ સમ્યગ્જ્ઞાન વગરનો ભાવ અંધ જીવ કાંઈપણ સાચું જોઇ શકે નહિં.

૪૧ સંસારમાં કેટલાક જીવો જડ વસ્તુના દાસ બનીને તેની જ ઉપાસનામાં જીવન પૂરું કરે છે; પણ તેમને છેવટ સુધી તાત્વિક સુખ મળી શકતું નથી.

૪૨ સર્વજ્ઞ પ્રભુએ નિઃસ્વાર્થ વૃત્તિથી કહેલા વચનો ઉપર શ્રદ્ધા રાખીને ઓછા અપરાધે જીવવા પ્રયાસ કરવો.

૪૩ જીવવાને માટે વનસ્પતિ તથા પાણીની તો જરૂરત રહેજ છે તેમાં પણ જો અલ્પ જીવવાળી અને થોડી વસ્તુથી ચાલતું હોય તો વ્યર્થ જીવોનો નાશ કરીને વધુ અપરાધી ન બનવું.

૪૪ જે જીવ આત્મા[illegible] અનીષ્ટ કરીને જીવતો હોય તો તે જીવતો પણ [illegible]લો જ છે.

૪૫ સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે કે–કોઇપણ જીવને દુઃખ આપ્યા સિવાય જીવો.

૪૬ વિષયોને આધીન થઇને કોઇપણ પ્રકારનું દુઃખ આપવાનું નામ પણ હિંસા છે, માત્ર પ્રાણ વિયોગ કરાવવાનું નામ જ હિંસા નથી.

૪૭ સર્વજ્ઞોએ જે ધર્મને મુક્તિ મેળવવાને માટે બતાવ્યો છે તેને બંધાવાના ઉપયોગમાં લેવો નહિં.

૪૮ અન્યના હિતમાં નિમિત્તભૂત બનવું પણ અહિતમાં ન બનવું.

૪૯ સરળ બન્યા સિવાય બીજાના હિતમાં ઉપયોગી થઇ શકાય નહિં.

૫૦ ધર્મ એટલે સુખ અને અધર્મ એટલે દુઃખ.

૫૧ મહાપુરુષોનો સંસર્ગ આત્માર્થિ જીવોને વિકાસનો સાધક બને છે.

૫૨ આત્મ–શુદ્ધિનો આદર મહાપુરુષોનો સંસર્ગ કરાવીને તેમના વચનો ઉપર સદ્ભાવ ઉત્પન્ન કરે છે.

૫૩ જ્યાં સુધી જીવને આસક્તિ વધારે હોય અને પાંચે ઇંદ્રિયોના દાસપણામાંથી મુકાયો ન હોય ત્યાં સુધી સમાધિ મળી શકે નહિં.

૫૪ જ્યાં મનુષ્ય બનવાની જ શંકા હોય ત્યાં મનુષ્યપણું મળવું તો બહુ જ દુર્લભ છે.

૫૫ ધનવાળો ધન ખરચીને મુક્તિ મેળવી શકે નહિં પણ અનાદિનો ત્યાગ કરીને જીવન ખરચનાર મુક્તિ મેળવી શકે છે. મુક્તિ મેળવનારાઓ દુનિયાની દૃષ્ટિમાં નિર્ધન જ હતા.

૫૬ દુઃખ ભોગવવાને માટે કોઇ પણ રાજી નથી પણ અજ્ઞાની જીવ સાચી સમજણ ન હોવાથી સુખની ભ્રાંતિથી રાજી થઇને દુઃખ જ ભોગવી રહ્યા છે.

૫૭ સકર્મક આત્મા પરાધીન છે અને સિદ્ધાત્મા સ્વાધીન છે માટે જ તે અનંતા કાળ સુધી જીવશે તેમને જીવવાને જડાત્મક કોઇ પણ વસ્તુની જરૂરત ન હોવાથી પરાધીનપણું ભોગવવું પડતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દંડગ(દણ્ડક)ની પૂર્તિ

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

ગતાંક પૃષ્ઠ ૧૫૮ થી શરૂ

"શ્રી આત્માનંદ પ્રકાશ"માં છપાવવા માટે દંડગ(દણ્ડક) નામનો મેં લેખ મોકલ્યો ત્યાર પછી આ લેખમાં ઉમેરો થઇ શકે એવી કેટલીક બાબતો મારા જાણવામાં આવી છે. એટલે 'પૂર્તિ' તરીકે એ હું અહીં રજૂ કરું છું.

દંડક-**ધાતુ—કાતંત્રવિભ્રમ** એ નામથી એકવીસ કારિકાઓ મળે છે. આના ઉપર 'વાદી' દેવસૂરિના અનુરાગી ગુણચન્દ્રસૂરિએ **તત્ત્વપ્રકાશિકા** નામની વૃત્તિ રચી છે.[1] એમાં કેટલેક સ્થળે "દંડક–ધાતુ" એવો ઉલ્લેખ જોવાય છે. જેમ કે પૃ. ૧૯ માં "**अट पट इति दण्डकधातुः**" આવા અન્ય ઉલ્લેખો પૃ. ૨૨, ૨૬ અને ૨૯ માં પણ જોવાય છે. દેવેન્દ્રસૂરિએ **કમ્મત્થય** નામના બીજા કર્મગ્રન્થ-(ગા. ૬)ની સ્વોપજ્ઞ ટીકામાં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ—

"**कष शिष इत्यादिदण्डकधातुर्हिंसार्थः**"

આ ઉપરથી એમ કહી શકાય કે 'દંડક–ધાતુ' એવો પ્રયોગ જૈન કૃતિઓમાં તો છે જ, અને એ લગભગ નવ સૈકા જેટલો તો પ્રાચીન છે. એ પૂર્વે આ પ્રયોગ કોઇ કૃતિમાં હોય તો વિશેષજ્ઞો એ સૂચવશે?

**દંડક–છંદ**—વીર સંવત્ ૫૩૦(ઈ. સ. ૪)માં વિમલસૂરિએ જે [2]**પઉમચરિય** રચ્યું છે તેના ૫૩ મા ઉદ્દેસનું ૭૯ મું પદ્ય ચોર્યાસી અક્ષરના દંડકમાં છે.

**ધ્યાન-દંડક-સ્તુતિ**—આ નામની એક સ્તુતિ છે. શું એ છપાયેલી છે?

**દંડક–પાઠ—તત્ત્વાર્થસૂત્ર**(સભાષ્ય)ની **સિદ્ધ**સેનગણિકૃત ટીકા (ભા. ૧, પૃ. ૧૭૪)માં "દંડક–પાઠ" એવો ઉલ્લેખ છે.

**દંડાન્વય**—સંસ્કૃતાદિ ભાષામાં પદ્યમાં રચાયેલી કૃતિનો અર્થ સમજાવવા માટે બે રીતે એના શબ્દોની યોજના કરાય છે—બે રીતે એનો 'અન્વય' કરાય છે. એકને 'દંડાન્વય' કહે છે તો બીજાને 'ખંડાન્વય.' દંડાન્વયમાં કર્તા, કર્મ અને ક્રિયાપદને રજૂ કરી કર્તાદિના વિશેષણોનો બોધ કરાવાય છે. કેટલાકનું એમ કહેવું છે કે—સમગ્ર પદ્યની સંપૂર્ણપણે પદ્ય-સ્વરૂપ કર્તાદિની પ્રધાનતાપૂર્વકની રજુઆત તે 'દંડાન્વય' છે.

'દંડાન્વય' એવો પ્રયોગ **નૈષધ ચરિતની મલ્લિનાથકૃત** ટીકામાં હોવાનું કહેવાય છે. એ ગમે તે હો, સૌથી પ્રથમ કઇ જૈન કૃતિમાં તેમજ કઇ અજૈન કૃતિમાં આ પ્રયોગ છે અને એનો અર્થ ક્યાં કોણે ક્યારે સમજાવ્યો છે તેની તપાસ કરવી બાકી રહે છે. અહીં તો 'દંડક' સામે દંડાન્વયનો સંબંધ હોવાથી આટલી હકીકત મેં નોંધી છે.

---

1 આ વૃત્તિ સહિત મૂળ કૃતિ **હૈમવિભ્રમ** એ નામથી "યશોવિજય જૈન ગ્રંથમાલા"માં વીર સંવત્ ૨૪૩૯ માં છપાઇ છે.

2 આના પરિચય માટે જુઓ **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** (પૃ. ૮૫-૮૯).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# [1] સિદ્ધાર્થનંદ કહોને [2]

સિદ્ધાર્થનંદ ! કહોને, અમીદૃષ્ટિ કયારે કરશો ?
ડગમગતા ધર્મસ્થંભો, સ્થિરતાથી કયારે કરશો ?

Siddartha Nand do tell, When will eyes your shower grave;
Pillars religion's shake, When them steady will you make ?

ખીલેલી ફૂલઝાડી, માળી મળ્યા અનાડી
વેરાન કરી છે વાડી, નવપલ્લવ કયારે કરશો ? સિદ્ધાર્થ !

Fine garden's in full bloom, Raw gardeners take its care;
Of desert is its doom, When it green again you'll make ?

મમત્વ વાયુ વાયા, ઝેરી કષાય છવાયા
સંયમ કાલક્રમ ભૂલાયા, એક તાન કયારે કરશો ? સિદ્ધાર્થ !

Winds 'mine thine' blow with force, Jealousy, hatred rage of course;
Mind's control's dry is Source, When one with you me, you'll make ?

કલિકાળ આજે રૂઠયો, સ્યાદ્વાદ મર્મ વછૂટયો
નિજ આત્મદર્શ ગુટયો, અબ પાર કયારે કરશો ? સિદ્ધાર્થ !

Kalikal rules in angry mood, Men in god have lost their faith;
Introspection has no trace, When me ocean cross you'll make ?

વિષભરેલી ચંડદૃષ્ટિ, શી જમાવી તેરી સૃષ્ટિ
અમીભરી "વૈરાટી" દૃષ્ટિ, ભગવાન કયારે કરશો ? સિદ્ધાર્થ !

Eyes worldly throw poison, Minds are at full variance;
"Vairati" prays oh lord, Them kind, smiling when, you'll make ? Siddartha.

રચયિતા–ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી

---

૧. અંગ્રેજી ને ગુજરાતી એક જ રાગમાં ગવાશે.

૨. અંગ્રેજી મસ્તના સહકારથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેસલમેરની સાહિત્યયાત્રા

# કેટલીક નવી–ઉપયોગી વાતો

જેસલમેર મુનિ પુણ્યવિજય.

અમલનેર–મુનિશ્રી જંબૂવિજયજી યોગ્ય સુખસાતા. હું ધર્મપસાયે આનંદમાં છું. તમે પણ હશો. તમારા પત્રો બધા જ મળી ગયા છે. મારી પ્રકૃતિ તદ્દન સ્વસ્થ છે.

અહીંનું પુસ્તકોની ફોટોગ્રાફીનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. તમે મોકલાવેલ નયચક્રની B પ્રતિ તેમ જ શ્રી રંગવિમળજી મહારાજજીની પ્રતિઓ અને સિદ્ધિવિનિશ્ચયની બન્નેય પ્રતિઓની સરસ ફિલ્મ ઉતરી ગઇ છે. તમે જોઈને અતિપ્રસન્ન થશો. મેં ડબલ કોપી પોઝીટિવની ઉતરાવવા વિચાર કર્યો છે જેથી કોઇવાર તમને અને મારે સાથે કાર્ય કરવાનું હોય ત્યારે હરકત ન આવે અને કામ ઢીલમાં ન પડે. દશવૈકાલિકની પ્રતિની પણ ફિલ્મ ઉતરી ગઇ છે. આ ઉપરાંત ઘણા ગ્રંથોની ફિલ્મ ઉતરી છે. વિશેષમાં હમણાં એક બડો ભંડાર ખોલવામાં આવ્યો, તેમાંથી **स्याद्वादरत्नाकर प्रथम खंडनी** પ્રાચીન પ્રતિ, **मुनिसुव्रतस्वामिप्राकृतचरित, अनुयोगद्वारचूर्णि तथा नन्दीचूर्णि**ની પ્રતિઓ મળી આવી છે. જે દિવ્ય છે. આ બધાની માઇક્રોફિલ્મ ઉતરાવી લીધી છે. અનુયોગદ્વારચૂર્ણિની પ્રતિ દિવ્ય છે. એટલે કે ગુજરાતમાંથી મેં ખંભાતના અને પાટણના ભંડારોની તાડપત્રીય તેરમા ચૌદમા સૈકામાં લખાએલી પાંચ મુદ્રિત પ્રતિને મેળવતાં પાનાંનાં પાનાં અને પંક્તિઓની પંક્તિઓ પડી ગએલી મળવા ઉપરાંત હજારો અશુદ્ધિઓ મળી હતી. મને અભિમાન હતું કે આ પ્રતિ ઘણી જ શુદ્ધ થઇ ચૂકી છે, પરંતુ અહીંની પ્રતિ સાથે મેળવતાં મારા અભિમાનનો ભૂક્કો જ થઇ ગયો છે. આ ઉપરથી મને ખાત્રી થઇ છે–થાય છે કે પાસે પ્રાચીન, પ્રાચીનતમ પ્રતિઓ ન હોય તો આપણા શાસ્ત્રોને સર્વાંગપૂર્ણ શુદ્ધ કરવાં એ અતિદુષ્કર કાર્ય છે. આ વિષેની ખાત્રી આ પૂર્વે થઇ ચૂકેલી છે અને હવે સવિશેષ થાય છે. આપણા ચૂર્ણીગ્રંથોમાં તો એટલી બધી અશુદ્ધિઓ છે કે જો લિપિનું અને તેના વિકારનું જ્ઞાન સ્પષ્ટ રીતે ન હોય તો ચૂર્ણીગ્રંથો સુધારવા કદિયે શકય નથી. આચારાંગ ચૂર્ણીની જ વાત કરૂં કે આજે એની શુદ્ધ કે પ્રાચીન પ્રતિઓ આપણને મળતી નથી. જે મળે છે તે ચૌદમા પંદરમા સૈકામાં લખાએલી મળે છે. એ બધી પ્રતો એક જ માની જણી સંતતિસમાન છે. ઘણીવાર તો કાના–માત્રાનો યે ફરક એકબીજીમાં ન મળે, લિપિનો વિકાર પણ અતિવિષમ, આ પરિસ્થિતિમાં લિપિનું અને તેના વિકારનું પૃથક્કરણ ધ્યાનમાં ન હોય તો આ અને બીજી બધીએ ચૂર્ણીઓ શોધવી જરાય શકય નથી. અસ્તુ, આપણા સ્નેહ પૂરતી અંતરની વાત થઈ.

તમારા **नयचक्र** માટે મને પ્રાચીન પ્રતિની ચિંતા સતત રહે છે. હજુ જ્ઞાની ભગવંતની આપણા ઉપર એ માટે અમીદૃષ્ટિ નથી ઉતરી.

નંદિસૂત્રની જેટલી પ્રતિઓ ગુજરાતમાં મેં જોઇ, મહાઅશુદ્ધ જ જોઇ પણ અહીંની પ્રતિ જોઈને તો હું હર્ષઘેલો જ થઇ ગયો અને ગદ્ગદ જ થઇ ગયો. એટલી શુદ્ધ પ્રતિ કે તેની શી વાત કરું ! અનુયોગદ્વારચૂર્ણી વિશે લખવું રહી ગયું, પણ તમે જાણી લો કે ગુજરાતની પ્રાચીન તાડપત્રીય પ્રતિઓ શુદ્ધ હોવા છતાં તેમાં કેવા [1] કારો થઇ ગયા છે અને સંખ્યાબંધ ઠેકાણે બબ્બે ત્રણ ત્રણ લાઇનો પડી ગએલી છે. ગુજરાતની પ્રતિઓમાં પેજ અસ્તવ્યસ્ત લખાયેલાં છે, જ્યારે અહીંની પ્રતિ તદ્દન વ્યવસ્થિત રીતે લખાએલી છે. અને અશુદ્ધિઓ હોવા છતાં ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતિઉપયોગી જુદા કુલની પ્રતિ છે. મેં ઉપર જણાવ્યું છે કે આ દૃષ્ટિએ અતિ મહત્ત્વની આ બન્નેય પ્રતિઓની માઇક્રોફિલ્મ નકલ કરાવવામાં આવી છે. આ આખી માઇક્રોફિલ્મની કે જેમાં પ્રાચીન, પ્રાચીનતમ, અલભ્ય, દુર્લભ અને શુદ્ધતમ જુદા કુલની આગમો, ભાષ્ય, ચૂર્ણી, વૃત્તિ, પ્રકરણ ગ્રંથો, ધર્મકથા ગ્રંથો અને તે ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકાર, છંદોગ્રંથ અને જૈન–જૈનેતર દાર્શનિક ગ્રંથો ઉપરની જૈનાચાર્યોની વ્યાખ્યાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ ફોટોગ્રાફીમાં કેટલા ગ્રંથો એવા છે જે ગ્રંથકારે રચ્યા તે જ વર્ષમાં લખાએલા છે. સંઘાચાર વૃત્તિ (ચૈત્યવંદન ભાષ્ય ઉપર) ખુદ ધર્મઘોષસૂરિમહારાજજીની પોતાની પ્રતિ છે. સિદ્ધહેમવ્યાકરણ લઘુ ન્યાસનો એક ખંડ પ્રથમ આદર્શ છે. આ પ્રમાણે વિવિધ દૃષ્ટિએ મહત્ત્વના એવા ગ્રંથોનો સમાવેશ આ માઇક્રોફિલ્મીંગ ફોટોગ્રાફીમાં છે.

આ બધાયની વ્યવસ્થિત ફોટોગ્રાફી કરાવીને રાખે એવા ભાગ્યવાનની શોધ કરવાની બાકી જ રહે છે. શાસનસેવાના નામે અનેકવિધ ઝઘડા ઊભા કરનાર આપણે આવા નક્કર કાર્યમાં આપણી બુદ્ધિ, કાર્યશક્તિ અને ધનનો વ્યય કરતાં કે સમયનો સદુપયોગ કરતાં શીખીએ તો જરૂર શાસનસેવા થાય. એક રીતે હું એમ કહી શકું કે શ્રીમતી જૈનશ્વેતાંબર કોન્ફરન્સે જેસલમેરના જ્ઞાનભંડારનો જીર્ણોદ્ધાર કરવા પાછળ અને માઇક્રોફિલ્મિંગ આદિ અંગેનું મહાકાર્ય કરવા માટે ઉદારચિત્તે જે સેવા કરી છે અને કરે છે તેણે જૈન પ્રજાને એક વિશિષ્ટ માર્ગદર્શન કરાવ્યું છે. શાસનસેવાની લૂખી વાતો અને પંચાંગીની પોલી વાતો કરનારને આ વિષેની કશી ઝાંખી સરખી પણ નથી અને ભાસ પણ નથી કે પંચાંગી શું અને આજે પંચાંગી કેવી ચિંથરેહાલ છે. તેની રક્ષા શી રીતે થાય? તેનો તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહિં આવ્યો હોય. અસ્તુ, હવે મૂળ વાત.

તમે જાણી લો કે માઇક્રોફિલ્મિંગનું કામ ઘણું સરસ થયું છે અને તેમાં ભાઇ બેલાણીનો પ્રયત્ન અતિઘણો છે. આ ઉપરાંત અહીં સં. ૧૨૭૯ માં કાગળ ઉપર લખાએલા ન્યાયસૂત્ર, ન્યાયભાષ્ય, ન્યાય-[વાર્તિક] તાત્પર્યવૃત્તિ અને ન્યાય[વાર્તિક] તાત્પર્યપરિશુદ્ધિ ગ્રંથની ઉધઇએ ખાધેલી અને હાથ અડકાડતાં તૂટી જાય તેવી પોથીનો અમે દિલ્હી મોકલીને જીર્ણોદ્ધાર કરાવ્યો છે. એટલે કે એ આખી સાતસો પાનાની પોથીની બન્નેય બાજુએ અતિબારીક રેશમી કપડું ચોંટાડવામાં આવે છે જેથી જીર્ણ પ્રતિ પુનર્જીવિત થાય છે. આ આખી પોથી પાંડિત્યપૂર્ણ માર્જીનલ નોટસથી વ્યાપ્ત છે. તેની માઇક્રોફિલ્મ અમે કરાવી જ લીધી છે પણ તે ઉપરાંત આ પ્રતિને અમે એવી બનાવી દીધી છે કે સેંકડો વર્ષ સુધી તેને આંચ નહિં આવે. આજે જૈનજ્ઞાનભંડારોમાં રહેલા સેંકડો કીમ્મતી જીર્ણ-ગ્રંથોને જીર્ણ નકામા સમજી નાખી દેવામાં આવે છે, પણ સૌએ આ રીત જાણવી જોઇએ. અને આ રીતે જ જ્ઞાનોદ્ધાર કરવો કરાવવો જોઇએ. આજે તો એવા એવા સાધનો ઉત્પન્ન થયાં છે કે આપણી કલ્પનામાં ય ન આવે. તદ્દન ભૂંસાઇ ગએલા અક્ષરો ભૂસી નવા લખ્યા હોય તો તે અક્ષરો મૂળ કયા હતા તે પણ વાંચી શકાય છે અને એની ફોટોગ્રાફી પણ આવી શકે છે. આપણા પ્રાચીન જ્ઞાનભંડારોની ઘણી પ્રતિઓ આવા સાધનના અભાવે ખંડિત લખાએલી છે. આ યુગના આવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો એ ખંડિતપણું કે શંકિતપણું સહેજે દૂર થઇ જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# ષષ્ઠમ શ્રી સ્વયંપ્રભ જિનસ્તવન

## સ્પષ્ટાર્થ સાથે

સં.—ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી

સ્વામી સ્વયંપ્રભને હો જાઉં ભામણે,
હરખે વાર હજાર;
વસ્તુ ધરમ પૂરણ જસુ નીપજ્યો,
ભાવ કૃપા કિરતાર. સ્વામી૦ ૧

**સ્પષ્ટાર્થ**:—મહાન અખૂટ વૈભવધારી ઇંદ્ર, ચંદ્ર, ચક્રવર્તી આદિના સમૂહવડે પણ વંદનિક, સ્વયંબુદ્ધ, સ્વયં આત્મલક્ષ્મીના સ્વામી શ્રી સ્વયંપ્રભ સ્વામીને હજાર વાર-વારંવાર નિરંતર ભામણે જાઉં-અત્યંત, પ્રમોદભાવનાવડે ગુણાનુરાગી થઇ સેવા-ભક્તિમાં લીન થાઉં, કે જેનો "વસ્તુ ધરમ પૂરણ નીપજ્યો" અર્થાત્ અનાદિ કાલથી જ્ઞાનાવરણાદિ કર્મવડે આવૃત થઇ રહેલા હોવાથી જ્ઞાનાદિ આત્મધર્મો પોતાનું કાર્ય શુદ્ધ રીતે કરી શકતા ન હોતા, પરવશ, પરાનુયાયી થઈ રહ્યા હતા, કર્મબંધનના હેતુ થઇ રહ્યા હતા તે સર્વે ધર્મો સંપૂર્ણ પ્રગટ-વ્યક્ત થયા છે, તદ્દન નિરાવરણ થયા છે, અપ્રતિહતપણે પોતાના શુદ્ધ કાર્યે નિરંતર પરિણમે છે તેથી અખંડ-અચલ, અવિનાશી, પરમાનંદ દશાને પ્રાપ્ત થયા છે. પરમ નિર્ભય નિરાકુલ દશામાં અનંત શુદ્ધાત્મ અનુભૂતિમાં તલ્લીન થઇ રહ્યા છે તથા "ભાવ કૃપા કિરતાર" અર્થાત્ ચાર ગતિરૂપ અપરિમિત ભયંકર ભવાટવીમાં વિષય કષાયવશે છેદન, ભેદન, તાડન, તર્જન, તિરસ્કાર, વિયોગ-શોક, ભય, આક્રંદ વિગેરે અનેક પ્રકારના અસહ્ય શારીરિક તથા માનસિક દુઃખો દીન અનાથપણે ભોગવતાને, [illegible]-યંત કારુણ્ય ભાવનાવડે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગે દોરી તેઓના દુઃખનો સમૂલ નાશ કરી, પરમાનંદમય શિવપુરીમાં વિરાજમાન કરો છો. એ જ શ્રી સ્વયંપ્રભ સ્વામીની દયા પરમોત્કૃષ્ટતા ધરાવે છે, પણ જે વિષય કષાયની વૃદ્ધિ કરનાર ઉપદેશ તથા પદાર્થો આપી, અજ્ઞાની જીવોની વિષયકષાય તથા હિંસાની પ્રવૃત્તિને વધારે છે, તેનાં કારણોને પુષ્ટ કરે છે અને અમે દયા કરાયે છીએ એમ કહેનાર મિથ્યાભિમાની જીવો તો હે પ્રભુ! દયાળુ નહિ પણ વાસ્તવિક ન્યાયે આપના વચનાનુસાર હિંસાના અનુમોદક પ્રતીત થાય છે.

થાય છે.

દ્રવ્ય ધરમ તે હો જોગ સમારવા,
વિષયાદિક પરિહાર;
આતમશક્તિ સ્વભાવ સુધર્મનો,
સાધન હેતુ ઉદાર. સ્વામી૦

**સ્પષ્ટાર્થ**:—અઢાર પાપસ્થાનકમાં મન, વચન, કાયાને ન પ્રવર્તાવતાં, સ્યાદ્વાદ યુક્ત જિનેશ્વરના પવિત્ર કલ્યાણકારી વચનો વાંચવા-સાંભળવા-વિચારવામાં તથા તેના ઉપદેષ્ટા સદ્ગુરુ આદિના વિનય વૈયાવચ્ચાદિમાં તથા જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ તથા સ્થિતિ કરવામાં પ્રવર્તાવવાં, તથા વિષયાદિક પરિહાર અર્થાત્ પાંચ ઇંદ્રિયોના વિવિધ પ્રકારના વિષયેનો ત્યાગ કરવો અર્થાત્ તેમાં રાગ-કામના-મૂર્છા કરવી નહિ, પ્રાપ્ત સ્વાધીન, તથા ભોગવવાનું સામર્થ્ય હોવા છતાં પણ તે વિષયાદિને સ્વભાવાચરણથી ચૂકવાના હેતુ તથા દુઃખના નિદાન જાણી તેઓનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિહાર કરવો તે સાચો ત્યાગ છે, પણ નહિ મળવાથી ન ભોગવવું એ કાંઈ ત્યાગ નથી. એ મુજબનો વિષયોનો ત્યાગ તે આત્માના મલિન થયેલા જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિ સ્વાભાવિક ધર્મને શુદ્ધ પ્રગટ કરવામાં કલ્યાણકારી સાધનો હોવાથી દ્રવ્ય ધર્મ છે અર્થાત્ ભાવધર્મના કારણો છે, એ કારણ વગર કાર્યસિદ્ધિ અલભ્ય છે. કહ્યું છે કે—

કારણ જોગે હો કારજ નીપજે રે,
એહમાં કોઇ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે,
તે નિજ મતિ ઉન્માદ. આનંદઘનજી.

માટે વિષય પરિગ્રહાદિ જે રાગાદિ અશુદ્ધોપયોગના હેતુઓ છે તેનો ત્યાગ કરવો એને જ્ઞાન ધ્યાનાદિક, જે રાગાદિનો નાશ કરી શુદ્ધાત્મ ભાવ પ્રગટ કરવાના હેતુઓ છે તે આદરવા, જેથી કાર્યસિદ્ધિ થાય. (૨)

ઉપશમ ભાવે હો મિશ્ર ક્ષાયિકપણે,
જે નિજ ગુણ પ્રાગ્ભાવ;
પૂર્ણાવસ્થાને નીપજાવતો,
સાધન ધર્મ સ્વભાવ. સ્વામી. ૩

**સ્પષ્ટાર્થ**:-ઉપર મુજબ ત્રણ યોગનું સમારવું તથા વિષયાદિકનો ત્યાગ એ જ્ઞાનાદિ ધર્મો પ્રગટ કરવાનાં સાધનો છે. તે ઉપશમ, ક્ષયોપશમ, તથા ક્ષાયિકભાવે પ્રગટ થયેલા આત્મગુણોને પૂર્ણ શુદ્ધ અવસ્થાને અર્થાત્ સિદ્ધ દશાને પ્રાપ્ત કરે છે. જે કાંઇ આત્મધર્મ ઉપશમપણે, ક્ષયોપશમપણે વા ક્ષાયિકપણે પ્રગટ પ્રાપ્ત થયો તે ક્રમે ક્રમે આત્મગુણોની શુદ્ધિ કરતો સંપૂર્ણ શુદ્ધાવસ્થાને–સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરવાને કારણરૂપ છે. જેમ સમકિત પ્રાપ્ત થવાથી વિરતિની પ્રાપ્તિ થાય, અને વિરતિવડે અપ્રમત્ત ભાવની પ્રાપ્તિ થાય, તથા અપ્રમત ગુણવડે સંપૂર્ણ કષાયોનો નાશ થાય, કષાયોના નાશવડે વીતરાગતા પ્રાપ્ત થાય છે અને વીતરાગતાવડે કેવલજ્ઞાન થાય. એમ ક્રમે ક્રમે આત્મગુણોની અધિક અધિક શુદ્ધિ થઇ સંપૂર્ણ શુદ્ધિ થાય. તેથી જે ગુણ પ્રાપ્ત થયો તે અધિક ગુણની પ્રાપ્તિનો હેતુ છે. જેમ કોઇ માણસ મહાન્ વ્યાધિગ્રસ્ત હોવાથી જરા પણ ખોરાક લઇ પચાવી શકવાને અસમર્થ હોય, અત્યંત નિર્બળ હોય, પણ તે કોઇ રીતે થોડું બળ પામે તો તે બલવડે ધીમે ધીમે અધિક અધિક ખોરાક પચાવી અધિક અધિક બળવાન થતો પૂર્ણ બળવાન થાય. એટલા માટે સમકિતપ્રાપ્તિ માટે અત્યંત ઉદ્યમ કરી પ્રથમ સમકિતની પ્રાપ્તિ કરવી જેથી બીજા સર્વે ગુણો પ્રગટ થાય.

સમકિત ગુણથી હો શૈલેશી લગે,
આતમ અનુગત ભાવ;
સંવર નિર્જરા હો ઉપાદાન હેતુતા,
સાધ્યાલંબન દાવ.- સ્વામી૦ ૪

**સ્પષ્ટાર્થ**:—અનાદિ વિભાવ યોગે આત્મપરિણતિ પરાનુગત થયેલી છે, અર્થાત જ્ઞાન શક્તિ પરદ્રવ્યને જાણવામાં, દર્શનશકિત પર દ્રવ્યને દેખવામાં–નિર્ધાર કરવામાં, ચારિત્ર શકિત પરદ્રવ્યમાં આચરણ–રમણ કરવામાં, એમ સર્વે ગુણો આત્મ ગુણના બાધકપણે પરાનુયાયી પ્રવર્તે છે પણ જ્યારે સમકિતનો લાભ પામે ત્યારે પરાનુગત થયેલી આત્મ પરિણતિને શ્રદ્ધાના અનુગતપણે પ્રવર્તાવવાનો અભિલાષી થાય. શુદ્ધ કાર્ય સન્મુખ પરિણુતિ કરે અર્થાત સમકિત ગુણથી એટલે ચોથા ગુણસ્થાનથી માંડી "શૈલેશી ગુણ લાગે" એટલે ચૌદમા ગુણસ્થાન સુધી પરાનુગત થયેલી આત્મપરિણતિને વારી ક્રમે ક્રમે અધિક અધિક શુદ્ધતાએ વર્તાવતો જાય જેમ જે પરિણતિ અનાત્મ વસ્તુને આત્મ જાણવા–સદ્દહવા વિગેરેમાં પ્રવર્તતી હતી. તે ચોથે ગુણસ્થાને આત્માને આત્મા જાણવા–સદ્દહવા વિગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવર્તાવે તથા જે પરિણતિ હિંસાદિ પાંચ અવ્રતમાં વર્તતી હતી તે પાંચમે, છઠે ગુણુઠાણે અહિંસાદિ પાંચ વ્રતમાં વર્તાવે તથા મદ, વિષય, કષાય, નિદ્રા, વિકથામાં જે પરિણતિ વર્તતી હતી તે વારી સાતમે ગુણસ્થાને અપ્રમત્તભાવે આત્મગુણરમણમાં પ્રવર્તાવે. એમ આઠમે ગુણઠાણે રસઘાત, સ્થિતિઘાત, ગુણસંજ્ઞા, ગુણશ્રેણિ કરે. અપૂર્વ સ્થિરતામાં આત્મપરિણતિને પ્રવર્તાવે। સંજ્વલન ક્રોધ, માન, માયા વિગેરેથી આત્મપરિણતિને વારી નવમા ગુણસ્થાને તે કષાય રહિત, અકષાયપણે–સમભાવમાં વર્તાવે, સૂક્ષ્મ લોભ સિવાય બાકીના કષાયથી આત્મપરિણતિને વારી દશમે ગુણસ્થાને અધિક શુદ્ધસમ પરિણામે પ્રવર્તાવે. સર્વે કષાયનો ક્ષય કરી બારમે ગુણસ્થાને વીતરાગ યથાખ્યાત ચારિત્રમાં વર્તે. ચાર ઘાતીયા કર્મનો સમૂલ ક્ષય કરી તેરમા ગુણસ્થાને અનંત જ્ઞાન દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્યપણે આત્મ પરિણતિને વર્તાવે યોગક્રિયાની ચપલતા વારી ચૌદમા ગુણસ્થાને અયોગી અવસ્થા કરી પૂર્ણ પરમ નિવૃત્તિપદ પામે, એમ દરેક ગુણસ્થાને આત્મગુણની અધિક અધિક શુદ્ધિ કરતો સંપૂર્ણ શુદ્ધાવસ્થાને પ્રાપ્ત થાય. એમ દાવ રાખી સાધ્યને આધારે સાધ્ય સન્મુખ ઉપાદાન આત્મપરિણતિની શુદ્ધતાના હેતુએ વર્તવું, તે જ સંવર અર્થાત્ નવા કર્મનું રોકવું તથા નિર્જરા એટલે પૂર્વસંચિત કર્મક્ષય થવાનો હેતુ છે. (૪)

સકલ પ્રદેશે હો કર્મ અભાવતા,
પૂર્ણાનંદ સ્વરૂપ;
આતમ ગુણની હો જે સંપૂર્ણતા,
સિદ્ધ સ્વભાવ અનૂપ. સ્વામી૦ ૫

**સ્પષ્ટાર્થ**:—આપના આત્મ અંગના સર્વે પ્રદેશથી જ્ઞાનાવરણાદિ કર્મમલનો સર્વથા થાય ક્ષય થયો છે તેથી સર્વે પ્રદેશ સ્ફટિકમણિ સમાન શુદ્ધ નિરાવરણ થયા છે; કોઇ પણ કાલે હવે કર્મમલનો રંચ માત્ર પણ સંશ્લેષ થવાનો સંભવ નથી. તેથી આત્મઅંગમાં વસતા અનંત ગુણ પર્યાયના સર્વે અવિભાગો સંપૂર્ણ શુદ્ધ થયા છે, શુદ્ધ કાર્યે પરિણમે છે તેથી હે ભગવંત! આપ પૂર્ણાનંદ સ્વરૂપ છો. અર્થાત જગત જીવ તો ઉપાધિના પ્રતિકારથી આનંદ માને છે. પરદ્રવ્યને ભોગ જાણી તેમાં લયલીન થઈ રહે છે તેથી જગત જીવનો આનંદ તો ક્ષણભંગુર, અપૂર્ણ તથા ભયસહિત છે પણ આપ તો પોતાના સ્વાધીન, અવિનશ્વર એક ક્ષેત્રાવગાહી ગુણ પર્યાયોના ભોક્તા છો; તેમાં રમણ કરો છો તેમાં સંતુષ્ટ તલ્લીન થઇ આનંદ ભોગવો છો, તેથી આપનો આનંદ કોઈપણ કાલે નાશ થાય અથવા દૂર જાય તેમ નથી. તથા સ્વાધીન અને સહજ હોવાથી ભય–આકુલતા સ્પૃહા રહિત છે. તેથી આપનો જ આનંદ એકાંતિક, આત્યંતિક પૂર્ણપદને યોગ્ય છે. જગત જીવનો આનંદ તો સાચો આનંદ નથી. અજ્ઞાનવશે આનંદ મનાય છે, એમ આત્મગુણની સંપૂર્ણ શુદ્ધતા, કર્તૃતા, ભોક્તૃતા, પરિણામિકતા, ગ્રાહકતા, વ્યાપકતા આદિ તે જ આપનો અનુપમ સિદ્ધ સ્વભાવ છે. હવે કાંઇ પણ કાર્ય કરવાનું શેષ નથી; કંઇપણ આદરવાનું તેમ છોડવાનું બાકી નથી. તેથી અચલ, અબાધિત શાશ્વત પરમાનંદના સ્વામી છો. (૫)

અચલ અબાધિત હો જે નિ:સંગતા,
પરમાતમ ચિદ્રૂપ;
આતમ ભોગી હો રમતા નિજ પદે,
સિદ્ધ રમણ એ રૂપ. સ્વામી. ૬

**સ્પષ્ટાર્થ**:—આત્મપરિણામને ચલ કરનાર જે રાગ–દ્વેષ મોહ પરિણામ તેનો સર્વથા અભાવ હોવાથી. અચલ, તથા આત્મપરિણામને શુદ્ધપણે પરિણમવામાં ઘાત, સ્ખલના કરનાર જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મનો અભાવ હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અબાધિત છો. તથા ધન, ધાન્ય, ક્ષેત્ર, વસ્તુ, હિરણ્ય-આદિ બાહ્ય પરિગ્રહ તથા મિથ્યાત્વ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ એ ચૌદ અભ્યંતર પરિગ્રહ એમ બાહ્ય અભ્યંતર પરિગ્રહથી સર્વથા રહિત હોવાથી નિઃસંગ છો તથા જ્ઞાનાનુયાયી સર્વે ધર્મો સંપૂર્ણ શુદ્ધ-નિર્મલ હોવાથી પરમાત્મા છો. તથા સંસાર અવસ્થામાં કર્મ સંયોગે શરીરમાં લોલીભૂતપણે વસી શરીર રૂપે, પુદ્ગલ રૂપે સંસારી જીવ પોતાને માને છે પણ આપ તો શરીરથી સર્વથા અતીત થયા છો, તેથી માત્ર જ્ઞાનરૂપ-જ્ઞાનમૂર્તિ છો તથા પુદ્ગલ ભોગનું રમણ તજી આપ પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શનાદિ ગુણોનાં રમણ કરવાવાળા આત્મભોગી છો. શુદ્ધ સ્વાધીન અવિનશ્વર રમ્યમાં રમણ કરો છો તેથી આપનું રમણ સંપૂર્ણ રીતે અવિનશ્વર હોવાથી સિદ્ધપદ ધારણ કરે છે. (૬)

એહવો ધર્મ હો પ્રભુને નીપજ્યો,
ભાખ્યો એહવો ધર્મ,
જે આદરતાં હો ભવિયણ શુચિ હોવે,
ત્રિવિધ વિહારી કર્મ-સ્વામી૦ ૭

**સ્પષ્ટાર્થ**:--એમ હે પ્રભુ! આપના જ્ઞાનાદિ સર્વે ધર્મો કર્મ મળથી રહિત શુદ્ધ પ્રગટ થયા. અચલ અવિનાશી અનંત અજ-અલેશી, અવેદી, અકષાયી, અચલ અક્રિય, નિત્ય, સ્વાધીન પરમાનંદ દશાને પ્રાપ્ત થયા છો અને જે રીતે નામ એ દશાને પ્રાપ્ત થયા તે જ ઉપાય તે જ ધર્મ પરમ કરુણાવડે ભવ્ય જીવોને આ સંસાર-સમુદ્રમાંથી પારંગત થઇ શિવભૂમિએ પહોંચવા પ્રરૂપ્યો-ઉપદેશ્યો છે તે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ આદરતાં-સેવતાં ભવ્ય જીવો દ્રવ્ય કર્મ-ભાવકર્મ અને નોકર્મ એ ત્રણ પ્રકારના કર્મનો નાશ કરી પરમ પવિત્ર શુદ્ધ નિરાવરણ થાય. (૭)

નામ ધરમ હો ઠવણ ધરમ તથા
દ્રવ્ય ક્ષેત્ર તિમ કાલ,
ભાવ ધર્મના હો હેતુ ઘણે ભલા,
ભાવ વિના સહુ આલ-સ્વામી૦ ૮

**સ્પષ્ટાર્થ**:—નામ ધર્મ, સ્થાપના ધર્મ, દ્રવ્ય ધર્મ, ક્ષેત્ર ધર્મ, કાલ ધર્મ, તથા ભાવ ધર્મ એમ ધર્મ સ્વરૂપ, અનેક પ્રકારે છે પણ નામ સ્થાપના દ્રવ્ય, ક્ષેત્ર તથા કાલ એ જો ભાવ ધર્મના સન્મુખ, ભાવ ધર્મના હેતુ હોય અર્થાત્ ભાવ ધર્મ સાધવામાં કારણભૂત હોય તો પ્રશંસનીય, કાર્યકારી છે પણ જો તે ભાવ ધર્મની અપેક્ષા શૂન્ય હોય તો આલ-અર્થાત નિરર્થક ધૂલ ઉપર લીંપણ જેવા જાણવા "ભાવ-શૂન્યા ક્રિયા ન ફલન્તિ ઇતિ" અથવા એકડા વિનાનાં મીંડા જેવા જાણવા, પણ જો ભાવધર્મની સાપેક્ષતા જ હોય તો એકડા ઉપરના મીંડાની માફક ગુણકારી છે. (૮)

શ્રદ્ધા ભાસન હો તત્વ રમણપણે,
કરતાં તન્મય ભાવ;
દેવચંદ્ર જિનવર પદ સેવતાં,
પ્રગટે વસ્તુ સ્વભાવ-સ્વામી૦ ૯

**સ્પષ્ટાર્થ**:—શુદ્ધાત્મ તત્વની શ્રદ્ધા અર્થાત જો હું જિન પ્રરૂપિત સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્રરૂપ ધર્મ આદરૂં તો હું પણ શુદ્ધાત્મ તત્વનો ભોગી થઇ શકું. એમ શ્રદ્ધાકારે, નય નિક્ષેપ પ્રમાણ યુક્ત એમ જાણે. તથા તે શુદ્ધાત્મ તત્વને જ પોતાનું રમ્ય જાણી તેમાં જ રમણ કરે, પરદ્રવ્યાદિમાંથી રમણતા ટાલે તો આત્મ સ્વભાવમાં જ તલ્લીન થાય, તદ્રૂપ થાય. શ્રીમાન્ દેવચંદ્ર મુનિવર કહે છે કે-એમ જિનેશ્વરના દ્રવ્ય ચરણ ભાવ ચરણને સેવતાં આપણો આત્મ સ્વભાવ સંપૂર્ણ શુદ્ધ પ્રગટે-પરમાનંદની પ્રાપ્તિ થાય. (૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ....વર્તમાન સમાચાર....

## પવિત્ર શ્રી સિદ્ધાચળ તીર્થે પંજાબકેસરી આચાર્ય-શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું કરવામાં આવેલ

# અપૂર્વ સ્વાગત.

## ખાસ સ્પેશીયલ ટ્રેનમાં આવી સુમારે સાતશેહ પંજાબીઓએ હૃદયપૂર્વક બતાવેલ અપૂર્વ ભક્તિ.



પંજાબકેસરી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, પં. સમુદ્રવિજયજી આદિ ઠા. ૧૭ શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાર્થે ૧૭ વર્ષ બાદ ચૈત્ર શુદ ૧૦ ના રોજ પધારતાં પંજાબ, મારવાડ, મેવાડ તેમજ ગુજરાતના ગામોમાંથી તેઓશ્રીનું આચાર્ય મહારાજના દર્શનાર્થે અને ગિરિરાજની યાત્રાર્થે મોટા પ્રમાણમાં માનવસમૂહ આવી રહ્યો હતો.

આચાર્યશ્રી બોટાદથી વલ્લભીપુર ચૈ. શુ ૭ પધારતાં સંઘે સુંદર સ્વાગત કર્યું. બાદ આચાર્યશ્રીના ઉપદેશથી જાળીયામાં ઉપાશ્રય બંધાવવાની જરૂરીઆત દર્શાવતાં તે અંગે રૂા. ૧૫૦૦ ખર્ચી થાય ત્યાં સુધી આપવા ઠર્યું હતું. બપોરના પૂજા ભણાવી પંજાબના કેટલાક ભાઇઓ તેમજ ભાવનગર શ્રીજૈન આત્માનંદ સભાના કાર્યવાહકો વંદનાર્થે આવ્યા હતા. આચાર્યશ્રી ત્યાંથી વિહાર કરી ક્રમે ક્રમે પાલીતાણા યશોવિજય જૈન ગુરૂકુળમાં ચૈ. શુ. ૧૦ ના પધારતાં સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આચાર્યશ્રી ગુરૂકુળમાં શુદ ૧૦ તથા ૧૧ ના સ્થિરતા કરી, શુદ ૧૨ ના ગામમાં પ્રવેશ કરવાના હોઇ તેમના પ્રવેશસમયે સામેલ થવા ગુરૂભક્તિઘેલા પંજાબી ભાઇઓની શ્રી આત્માનંદ જૈન શ્વે. સંઘની એક સ્પેશીયલ ટ્રેન દિલ્હીથી ચૈત્ર શુદ ૯ના લગભગ ૭૦૦ પેસેન્જરોની નીકળેલ તે ચૈ. શુ. ૧૧ ના આવી પહોંચી હતી. આ ટ્રેનમાં પંજાબના જુદા જુદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામોની ભજન મંડળીઓ તેમજ પંજાબની શિક્ષણ સંસ્થાના અભ્યાસકો હતા. આ ટ્રેનના યાત્રિકોની ભક્તિ દિલ્હી, બીયાવર, ફાલના, રાણી, આબૂ રોડ, પાલનપુર, મેસાણા, વઢવાણ વિગેરે સ્ટેશનોએ સારી કરવામાં આવી હતી. ટ્રેનના કાર્યવાહકો દીવાનચંદ, લાલા પ્યારાલાલ કપુરચંદ, તેમજ રતનચંદજીની મહેનત સારી હતી. ટ્રેન ઉપરાંત અલગ અલગ પણ પંજાબીઓ ઠીક સંખ્યામાં આવ્યા હતા. તેઓની સ્વામીભક્તિ ચૈ. શુ. ૧૧ ના ભાવનગરવાસી શેઠ ચત્રભુજ મોતીલાલભાઈ તરફથી કરવામાં આવેલ.

ગુરૂકુળમાં ચૈ. શુ. ૧૧ રાત્રિના એક મનોરંજક કાર્યક્રમ જૈન શ્વે. કોન્ફરન્સના મંત્રી શા ફુલચંદ શામજીભાઇના પ્રમુખસ્થાને રાખવામાં આવેલ જેમાં ગુરૂકુળના અભ્યાસકોએ કસરતના જુદા જુદા પ્રયોગો, આવેલા મોટા સમૂહ સમક્ષ કરી બતાવ્યા હતા.

ચૈ. શુ. ૧૨ ના મંગળ પ્રભાતે પંજાબી ભાઈઓએ પ્રભાતફેરી કાઢી દરેક ધર્મશાળાએ આચાર્યશ્રીના સ્વાગતમાં પધારવા આમંત્રણ આપવા ગયેલ તેમજ પંજાબી અગ્રેસરો, અત્રે બિરાજતા આચાર્ય તેમજ મુનિવર્યોને વિનતિ કરવામાં આવી હતી.

આચાર્યશ્રીના સ્વાગત અંગે પંજાબી ભાઇઓ આવવા ઉપરાંત બડોત( દીલ્હી )થી બે માળનો કાષ્ટનો સોનેરી સુંદર કોતરણીવાળો રથ ખાસ લાવવામાં આવ્યો હતો.

આચાર્યશ્રીના સ્વાગતમાં આવવા પાલીતાણાની જુદી જુદી અગિયાર સંસ્થાઓ તરફથી પત્રિકા બહાર પાડવામાં આવી હતી તેમજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખશ્રી શેઠ કસ્તુરભાઇ પણ પધારવાના હતા પણ તેઓશ્રીને દીલ્હી જવાનું થતાં આવી શકયા ન હતા, પરંતુ પેઢીના પ્રતિનિધિ શેઠ ભોગીલાલભાઈ છોટાલાલ સુતરીયા, પેઢીના મેનેજર નાગરદાસભાઇ કસ્તુરચંદ વિગેરે ખાસ આવ્યા હતા. મુંબઇથી શ્રી ફુલચંદ શામજીભાઇ કોરડીયા, જૈન કોન્ફરન્સના મંત્રી તેમજ જુદા જુદા સ્થળોએથી હજારો માનવો આવ્યા હતા.



આચાર્યશ્રી ગુરૂકુળમાંથી નીકળી દિગંબરની ધર્મશાળાએ પધાર્યા હતા, જ્યાં બડોતવાળા બે માળના રથમાં ભગવંતોને લઈ બેસવાનું, પેઢી તરફથી આવેલા બે રથોમાં ભગવંત તેમજ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની સાત ધાતુની પ્રતિમાજી લઈ બેસવાની બોલી શ્રી શામજી ભાઇચંદે લાઊડ સ્પીકરથી જણાવી હતી. ત્યાંથી વરઘોડાની શરૂઆત ઇંદ્રધ્વજ, આત્મારામજી જૈન હાઇસ્કુલ અંબાલાના કીશોર બાળકોની ભજન મંડળીવાળું પબ્લીક કેરીયર, શ્રી લબ્ધિસૂરિ સેવા સમાજ બેન્ડ, ભાવનગરનું મીઠુ બેન્ડ, પાલીતાણા હોમગાર્ડની ટુકડી, યશોવિજયજી જૈન ગુરૂકુળનું બેન્ડ, ત્યારબાદ માનવોના દિલમાં ઝણઝણાટી પેદા કરતા દીલ્હી જૈન કીર્તન મંડળીના નવ યુવાનો ભાવવાહી સં-

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાતા હતા. બાદ પંજાબ ને બીકાનેરની ભજન મંડળીએ ભજનોની ધૂન લેતા તે જોઇ જનતા મુગ્ધ થતી હતી.

આ ભજન મંડળી બાદ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, આચાર્યશ્રી હીમાચલસૂરીશ્વરજી, આચાર્ય વિજય ભુવનતિલકસૂરીશ્વરજી, પં. કનકવિજયજી, ઉપાધ્યાય શ્રી સુમતિવિજયજી, મુનિવર્ય શ્રી દર્શનવિજયજી ત્રિપુટી, પં. મેરુવિજય, પં. કાંતિવિજય, આચાર્ય વિજયમહેન્દ્રસૂરીજી, પં. રામવિજયજી, પ્રખર વકતા મુનિ શ્રી કાંતિસાગરજી વિગેરે મોટી સંખ્યામાં મુનિવર્યો હતા. વરઘોડામાં હજારોની માનવ મેદની હતી. તેમજ પાલીતાણાની પ્રજા પણ દર્શન કરી આશ્ચર્યમુગ્ધ થતી હતી. જુદા જુદા ભાઇઓએ નાણાની વૃષ્ટિ આખે રસ્તે ચાલતા કરી હતી. આચાર્યો તેમજ મુનિમંડળ પછી લુધીયાણા જૈન સ્કુલના કીશોર વયના બાળકોનું લશ્કરી ઢબથી ચાલતું બેન્ડ, સપ્ત ધાતુની દીલ્હીથી લાવેલ પૂજ્ય **આત્મારામજી મહારાજની પ્રતિમા** લઇને પેઢીના રથમાં બીકાનેરવાસી શેઠ પરસનચંદજી કોચર રૂા. ૫૦૧ ઊછામણીથી બોલી બેઠા હતા. બાદ પાલીતાણા બેન્ડ, બાદ ચાંદીનો ભગવંતની પ્રતિમાઓવાળો રથ, ત્યારબાદ શ્રી બુટેરાયજી મહારાજની મોટી તસ્વીર પધરાવેલ વિકટોરીયા ગાડી હતી. બાદ માલેરકોટલા પંજાબ આત્માનંદ જૈન હાઇસ્કુલનું વાંસળી વગાડતું બેન્ડ, પાલીતાણા જૈન સેવા સમાજનું બેન્ડ, ત્યાર બાદ બડોતથી ખાસ સ્વાગત અંગે લાવવામાં આવેલ બે માળનો લગભગ ૨૫ ફુટ ઊંચો સોનેરી સુશોભિત ભવ્ય રથ હતો જેમાં આરસની તથા ધાતુની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવેલ હતી. આ ભવ્ય વરઘોડો શ્રી આત્માનંદ જૈન પંજાબી યાત્રીગૃહ-(વસંત ભવન)માં લગભગ એક વાગતા આવી પહોંચ્યો હતો.

પંજાબી યાત્રી ગૃહને સુશોભિત રીતે શણગારી તૈયાર કરવામાં આવેલ, જેનું ઉદ્દ્ઘાટન આચાર્યશ્રીએ માનવ સમૂહ સાથે કરવા બાદ લાલા અમરનાથજીએ પંજાબની સ્પેશીયલમાં સહકાર તેમજ સન્માન કરનારાઓનો, ધર્મશાળા અંગે મદદકર્તાઓનો પ્રાથમિક આભાર વ્યકત કરતું ભાષણ કરેલ.



સ્વાગત વરઘોડો પંજાબી ધર્મશાળામાં આવતા આચાર્યશ્રીએ પ્રાથમિક મંગળ સૂત્ર સંભળાવી કહ્યું કે–

આજ ૧૭ વર્ષ બાદ દાદાની યાત્રા કરવા પંજાબ સંઘ સાથે પ્રવેશ કર્યો છે. મારો પંજાબ પાકીસ્તાન બન્યો તેમાં હું ફસાયો હતો ત્યારે શત્રુંજયની યાત્રા કરવાની પ્રતિજ્ઞા કરી. પછી તો મુશ્કેલીનો પહાડ તૂટી પડયો, પરંતુ ગુરુદેવની કૃપાથી તમે અમે બધું સહન કરી ચાલી નીકળ્યા અને આજે દાદાની યાત્રા માટે આવી પહોંચ્યા છીએ.

થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે જૈન સમાજની હાલતનો વિચાર કરવો જરૂરી છે. શ્રીમંતો અને દાનવીરો પોતાના પૂર્વજોના નામને યાદ કરે. લક્ષ્મી કેવી ચંચળ છે તે કોણ જાણતું નથી? આજે છે અને કાલે ચાલી જાય છે. જૈન સમાજના મધ્યમવર્ગની પરિસ્થિતિ સુધારવાની સૌની ફરજ છે. અને તે માટે જો તમામ શક્તિ કામે લગાડવામાં નહીં આવે તો જૈન શાસનનું શું થશે તે વિચારવું ઘટે. દરેક ગામડાની સ્થિતિ કંગાળ જોતો આવું છું.

મુનિરાજોને મારી પ્રાર્થના છે કે–ગુજરાત ધર્મભૂમિ બનાવી છે તો કૃપા કરી હવે બીજા ક્ષેત્રોમાં પધારો અને જૈન સમાજ–શાસનનો ઉદ્યોત કરો. આજે તેની ઘણી જરૂર છે. અને તે ભૂમિમાં મુનિરાજો માટે અત્યંત માન અને પ્રેમ છે.

પંજાબી ભાઇઓ તેમજ શ્રી સંઘને ધન્યવાદ છે કે–પાલીતાણામાં ગુરુદેવના નામથી યાત્રીભુવન તૈયાર કરાવ્યું તેમાં બહારના ભાગ્યશાલીઓની ભાવના હોવા છતાં કોઈની પણ મદદની અપેક્ષા વિના નાની કે મોટી રકમો શ્રી પંજાબ સંઘના ભાઈ બ્હેનોએ આપી છે અને આ ભવન બનાવવામાં આવ્યું છે. પણ હજુ બીજા માળનું કામ બાકી છે તે તેમજ ગુજરાનવાલા જિનાલયના પ્રભુજી પણ અહીં લાવવામાં આવ્યા છે જે આ ભુવન(ધર્મશાળા)માં જિનાલય કરી તેમાં પધરાવવાનું છે તેમાં પંજાબી ભાઇઓ તન, મન તેમજ ધનનો ભોગ આપશે એવી મારી વિનંતિ છે.

ધર્મશાળા માટે મારી ચેતવણી છે કે–૬૦ વર્ષ પહેલાં ગુરુદેવ પધાર્યા ત્યારે ધર્મશાળાઓ થોડી હતી છતાં યાત્રિકો સુખેથી યાત્રા કરી શકતા. આજે ધર્મશાળાઓ વધતી જાય છે પણ યાત્રિકોની મુશ્કેલીનો પાર નથી. શ્રીમંતોને નાણાની છૂટ હોઈ કોટડીઓ તુરત મળી જાય છે પણ સામાન્ય વર્ગના યાત્રિકોને કોટડીઓ મળતી નથી. આ બાબતમાં ધર્મશાળાના ટ્રસ્ટીઓ તેમજ મુનીમો ક્યાં સુધી આંખ આડા કાન રાખશે તે સમજી શકાતું નથી. આથી હું પંજાબીભાઇઓને કહું છું કે–આ ધર્મશાળા તેવી કોટીમાં મુકાશે તો તેની કીંમત કોડીની ગણાશે તો જરૂર તમો એવી વ્યવસ્થા કરશો કે યાત્રિકોને સરળતાથી સગવડતા મળે.

આ ધર્મશાળા અંગેનું પ્રવચન થતાં જુદા જુદા પંજાબીભાઇઓ તરફથી લગભગ ૧૦ થી ૧૫ હજારની રકમો જાહેર થઈ હતી.

બીકાનેરના શ્રીમંતોએ પણ પાલીતાણામાં બીકાનેર ભુવન બંધાવવા મને વચન આપ્યું છે, જે થોડા સમય બાદ શરૂ થવા આશા છે.

મારી ભાવના યાત્રા કરવાની હતી તે પૂરી થશે પણ ચાતુર્માસ માટે ઘણા ભાગ્યશાળીઓ પૂછી રહ્યા છે. મારી ઇચ્છા તો પાલીતાણામાં ચાતુર્માસ કરવાની છે પણ ગુરુદેવની જયંતિ (જેઠ શુદ ૮)પછી તેનો નિર્ણય થશે, પણ મારા હૃદયની ભાવના તો જુદી છે. ગુરુદેવના સંદેશને પાછો તાજો કરવાની જરૂર છે. પંજાબી ભાઈઓ અને બ્હેનો પાછા સુરત ન બને અને જે પ્રેમ, જુસ્સો, ભાવના, ગુરુભક્તિ તથા ધર્મજાગૃતિ છે તેને પ્રદીપ્ત રાખવા અહીંથી પંજાબ જવાની પણ મારી ભાવના છે. તેમજ ત્યાંના મંદિરોના દર્શન કરવાની મારી પ્રબળ ભાવના છે, ત્યાંની સંસ્થાઓને સિંચનની જરૂર છે, ત્યાંના નવયુવકોને સમાજ, નવરચના અને ધર્મપ્રેમના અંજનની જરૂર છે. મારો આ દેહ ગુરુદેવનો સંદેશ આપતા પંજાબની ભૂમિમાં રહે તે મારી અંતિમ ભાવના છે.

બાદ ગુરુદેવની દિલદર્દથી ભરેલી પંજાબી આરજુ (સ્તુતિ) ગવાઈ હતી. બાદ સર્વમાંગલ્ય મંગલ સંભળાવતા બદામની પ્રભાવના થઇ હતી.

ચૈત્ર શુદ ૧૫ ના સુપ્રભાતે વહેલી સવારમાં યાત્રાળુઓ ગિરિરાજના દર્શન કરી ડુંગર પર ચડવા લાગ્યા હતા. સવારના સવા છ વાગતા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ અને શિષ્યમંડળ, પંજાબ દેશનો શ્રી સંઘ તેમજ ભજન મંડળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલેરકોટલા શિશુ બેન્ડના બાળકો, લુધીયાના બેન્ડ અને ભાવિક સજ્જનો સાથે મળી શ્રી આદીશ્વર દાદાની જય બોલાવી શ્રી સિદ્ધાચળ તીર્થને નમન કરી બાજુના દેરાસરમાં શ્રી આદીશ્વર ભગવાનનું ચૈત્યવંદન કરી,ત્યાંથી નીકળી ધીમે પગલે ભજન કીર્તન કરતું બેન્ડના મધુર શરોદાથી ડુંગરને ગજાવતું આ ભક્ત મંડળ મહારાજ સાહેબની ડોલીની સાથે સાથે આદીશ્વર દાદાને ભેટવા ઘણા હર્ષથી આગળ વધતું ચાલ્યું. નાણાની વૃષ્ટિ કરતા હતા. નવ વાગતા મોતીશાની ટુંક આગળના ચોકમાં આવી પહોંચ્યું. નવ વાગે શાંતિનાથપ્રભુના દર્શન ચૈત્યવંદન કરી આ પવિત્ર અને પુન્યવંતા આત્માઓનું મંડળ દશ વાગતાં દાદાજીના પ્રવેશદ્વાર પાસે આવ્યું. અહિં માલેરકોટલા તથા લુધીયાના શિશુબેન્ડના બાળકોએ બેન્ડના મંગળનાદથી પ્રભુભક્તિ અને ગુરુભક્તિની સલામી આપી. સાડાદશ વાગતાં આચાર્યશ્રી આદિએ મૂળ ગભારામાં પ્રવેશ કર્યો અને શ્રી આદીશ્વર પ્રભુના દર્શન કરી પોતાના આત્માને કૃતાર્થ કર્યો અને ગદ્‌ગદ વાણીથી પ્રભુસ્તુતિ કરી. આ દ્રષ્ય અદ્‌ભુત ભાવવાહી હતું. જે વખતે આચાર્યશ્રી પ્રભુના દરબારમાં દાખલ થયા ત્યારે પંજાબના શ્રી સંઘની ને મારવાડ મેવાડની ભજન મંડળી વગેરેએ દાદા આદીશ્વરની જય ઘોષણાથી અને ઘંટારવના નાદથી મંદિરને ભક્તિમય વાતાવરણથી ગુંજતું કરી દીધું હતું. ત્યાર પછી આચાર્યશ્રી વિગેરેએ પ્રભુના સન્મુખ બેસી ચૈત્યવંદન કર્યું હતું અને બીજા યાત્રાળુએ પૂજાસેવા કરી આજનો દિવસ ધન્ય ધન્ય માની જીવનનું સુકૃત કર્યું હતું.

## દાનવીર શેઠ ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાની એક વધુ સખાવત.

જેમને કીર્તિની અભિલાષા નથી, જેમને જ્ઞાતિ, ધર્મ, સમાજ, જાતિભેદ નથી, અને જરૂરીયાત જ્યાં દેખે ત્યાં લક્ષ્મીને અસ્થિર માની શિક્ષણ, જીવદયા, થાય છે રાહતનાં ઉપયોગી કાર્ય માટે એક પછી એક ઉદાર હાથે સખાવતના કાર્યો કર્યે જાય છે એવા પ્રજાપ્રિય શેઠ **ભોગીલાલભાઇ** મીલવાળા ( શહેર ભાવનગરમાં તા. ૨૫-૨-૫૧ નાં રોજ ભાવનગર મ્યુનીસીપાલીટી તરફથી રાજપ્રમુખ નામદાર જામસાહેબનાં હાથે સમસ્ત પ્રજા, પ્રધાનો અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી નૃપતિ સમક્ષ સદ્‌ગત ભાવનગરનાં પ્રજાપ્રિય મહારાજા સર ભાવસિંહજી સાહેબની પ્રતિમાની અનાવરણ વિધિ, તેને ખુલ્લી મૂકવા તેમજ ભાવનગરના મોતીબાગ મહેલમાં આવેલ ટાઉન હોલને પ્રજાવત્સલ, ત્યાગમૂર્તિ ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબનું તે હોલને મુબારક નામ આપવાના મેલાવડામાં જ તે પ્રસંગે જ ભાવનગરમાં ગોઘાના દરવાજા પાસેના મહિલા બાગમાં સાર્વજનિક પ્રસૂતિગૃહ બાંધવા) અને કામદાર ગુણવંતરાય ભાઇએ મળી રૂા. દોઢ લાખના ખર્ચે તૈયાર કરવા અને પોતાના ખર્ચે ચલાવવા તેમજ તે જ બાગના પ્રવેશદ્વારે એક ટાવર (કલૉક) શેઠ ભોગીલાલભાઇએ પોતાના પદરના પંદર હજારનાં ખર્ચે બાંધવાની જાહેરાત કરવામાં આવી છે. ધન્ય છે એવા ઉદાર નરરત્નને ! જીવનમાં થતાં સખાવતી કાર્યો માટે આવી સાર્વજનિક, લોકોપયોગી રાહતના કાર્ય માટે કરેલ સખાવત જાણી આ સભા શેઠ **ભોગીલાલભાઇને** ધન્યવાદ આપી પોતાનો આનંદ વ્યકત કરે છે.

## શેઠ લાડકચંદ પાનાચંદનો સ્વર્ગવાસ.

બોટાદવાલા શેઠ લાડકચંદ પાનાચંદ કે જેઓ ધર્મશ્રદ્ધાળુ, જૈનશાસન પ્રત્યે પ્રેમ ધરાવનાર, સામાયક પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયાઓ તેમજ શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા-યાત્રામાં રસ લેનાર હતા. તેમનો સ્વર્ગવાસ પોષ સુદ ૧૩ ને રવિવારે થયો છે. તેઓ મીલનસાર સ્વભાવનાં અને માયાળુ હતા. આ સભાનાં તેઓ ઘણા વર્ષોથી લાઇફમેમ્બર હતા. તેમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ (સચિત્ર) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

**પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )**

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે પછી નવા થનારા લાઈફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઈફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સિલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે.

## જ્ઞાન પ્રદીપ ભાગ બીજો.

લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વ જનસમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠન-પાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે સુંદર સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચક ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. પ્રથમ ભાગની એટલી બધી પ્રશંસા થઈ હતી કે તેનો બીજો ભાગ જલદી પ્રકટ કરવા ઉપરા ઉપર માંગણી થતાં આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે તે પ્રકટ કરવામાં આવેલ છે. તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે.

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

**શ્રી માણિકયચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.**

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે. તેની ભાવભરીત ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇંડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## પૂજ્ય સાધુ–સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાના સૂત્રો.

પ્રતાકારે સુંદર શાસ્ત્રી ટાઇપ અને ઊંચા ટકાઉ કાગળો ઉપર શુદ્ધ રીતે છપાઇ તૈયાર થવા આવેલ છે. આવતા માસમાં પ્રગટ થશે. આ ગ્રંથના સંપાદક મહારાજશ્રી બહુ જ સાવધાનતાપૂર્વક સંશોધન કર્યું છે. વિશેષ હકીકત આવતા અંકમાં.

---

## શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદ્રસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં મૂળ સંસ્કૃત ભાષામાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો શ્રી જૈન પાઠશાળા, કન્યાશાળામાં ધાર્મિક અભ્યાસ કરતા બાળક બાલિકાઓ સહેલાઇથી મુખપાઠ ( મ્હોડેથી ) કરી શકે તેવા, સાદા સરલ અને ટુંકા છે. તેનો ગુજરાતીમાં અનુવાદ સાથે ( જિનેન્દ્ર ભગવંતો ) ના વિવિધ રંગના શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ રેખા ચિત્રો રંગીન મુકી ગુજરાતી ભાષાંતર સાદું અને સરલ કરાવી છપાવવાનું કાર્ય શરૂ થયું છે. આ એક કલાકૃતિનો અદ્ભુત નમુનો બનશે. જેમાં ચરિત્રો સાથે પરમાત્મા પચ્ચીશી પરમાત્મા જ્યોતિ પચ્ચીશી, શ્રી વીતરાગ સ્તોત્ર અને શ્રીમાન હરિભદ્રસૂરિકૃત પ્રથમ અષ્ટક મૂળ અનુવાદ સાથે આ ચરિત્ર ગ્રંથમાં આપવામાં આવશે. આ ચરિત્ર ગ્રંથ પુણ્યપ્રભાવક ઝવેરી શેઠ ભોગીલાલભાઈ રીખભચંદે સુકૃતની મળેલી લક્ષ્મીની સહાયવડે આ જ્ઞાન ભક્તિના કાર્ય માટે આર્થિક સહાય આપેલ છે તે માટે આભાર માનવામાં આવે છે.

---

## નીચેના સંસ્કૃત તથા ગુજરાતી ભાષાના ગ્રંથો

( ઘણી જ થોડી નકલો શિલિકે ફરી મળવા સંભવ નથી. )

### સંસ્કૃત ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| જૈન મેઘદૂત | ૨–૦–૦ | કર્મગ્રંથ ભાગ ૨ | ૪–૦–૦ |
| પ્રકરણ સંગ્રહ | ૦–૮–૦ | કથારત્નકોષ | ૮–૮–૦ |

### ગુજરાતી ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| કુમાર વિહાર શતક | ૧–૮–૦ | સંઘપતિ ચરિત્ર | ૧–૮–૦ |
| જૈન ગુર્જર કાવ્ય સંગ્રહ | ૨–૧૨–૦ | વસુદેવ હિન્ડી ભાષાંતર | ૧૫–૦–૦ |
| વિજયાનંદસૂરી | ૦–૮–૦ | શ્રી શાન્તિનાથ ચરિત્ર | ૭–૮–૦ |
| પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧–૮–૦ | આદર્શ સ્ત્રીરત્નો ભાગ ૨ | ૨–૦–૦ |
| કાવ્ય સુધાકર | ૨–૮–૦ | જ્ઞાનપ્રદીપ ભાગ ૨ | ૪–૦–૦ |
| સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | ૨–૮–૦ | આચાર ઉપદેશ | ૧–૦–૦ |
| વીશસ્થાનક પૂજા ( અર્થ સહીત ) | ૧–૪–૦ | આત્મકાન્તિ પ્રકાશ | ૦–૪–૦ |
| ધર્મબિન્દુ | ૩–૦–૦ | જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૧–૦–૦ |
| તત્વનિર્ણય પ્રાસાદ | ૧૦–૦–૦ | બ્રહ્મચર્ય પૂજા | ૦–૪–૦ |

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only